# -:દિપાવલી જ્ઞાન: રોશનીનું પર્વ:-

## -:પર્વ દ્વારા અનેકતામાં એકતા:-

ભારત દેશમાં વિવિધ રાજ્યોમાં ભાષાઓ બોલતા, વિવિધ પ્રકારના લોકો રહે છે. છતાં ભારતીય સંસ્કૃતિની વિશેષ્ટતાઓ અનેકતામાં એકતાના દર્શન કરાવે છે. તેનું કારણ છે : તહેવારો, ઉત્સવો તથા ધાર્મિક પર્વો ભારતનું શ્રેષ્ઠતમ પર્વ છે. દિવાળી, વિક્રમ સંવતનું નવું વર્ષ દીપોત્સવી પર્વથી પ્રારંભ થાય છે. દીપાવલીનો તહેવાર ભારતની તમામ જાતિના લોકો ઉમંગ ઉત્સાહથી ધામધુમથી ઉજવે છે. ખેતીમાં ચોમાસું પાકના વેચાણથી ખેડુતો, વેપારીઓ તથા અન્ય ધંધાદારીઓની આવકમાં વધારો થવાથી લોકો ફટાકડા ફોડીને, ઘર તથા દુકાનને રોશનીથી શણગારી તથા મીઠાઈથી મ્હો મીઠું કરી અન્યને મ્હો મીઠું કરાવીને ધામધુમથી હર્ષોલ્લાસથી દીપાવલીનો તહેવાર આસો માસની અમાસના દિને ઉજવે છે.

## પશુપાલન પર્વ :-

ભારતમાં ખેતી એ સંસ્કૃતિનું પ્રથમ સ્વરૂપ હતું. વેદકાળથી પશુઓને ધન તરીકે સ્વીકારવામાં આવતા ગાય (ગોધન), હાથીઓ (ગજધન), સંપતિ (કેપિટલ) તરીકે ઓળખાતા હતા. અંગ્રેજીનો પરથી આવ્યો છે. નાણું ન હતું ત્યારે આર્થિક વ્યવહાર પશુઓથી થતો. પરિણામે દિવાળી પર પશુઓની પણ પૂજા થાય છે. આ

પર્વ પ્રસંગે પશુઓના શિંગડાં શણગારે છે તથા પગે ચાંદીની ઘુઘરીઓ પહેરાવે છે. તેને પશુપાલન પર્વ કહે છે.

## આસુરી વૃતિ પર દૈવી વૃતિના વિજયનું પર્વ :-

દિવાળીનું પર્વ પાંચ દિવસ ઉજવાય છે. ધનતેરશ, કાળી ચૌદશ, બેસતું વર્ષ, તથા ભાઈબીજ ભક્તિભાવથી લોકો ઉજવે છે. પૌરાણીક કથાનુસાર નરકાસુર નામના રાક્ષશે પૃથ્વી પર કારમો કેર વર્તાવ્યો ત્યારે, ભગવાને નરકાસુરનો નાશ કરી દેવો તથા માનવોને બંધનમાંથી છોડાવ્યા, તેની યાદગીરીમાં નરક ચતુર્દશી કે કાળી ચૌદશ યા નાની દિવાળી તરીકે ઉજવાય છે. બીજી કથા મુજબ અસુરોના રાજા બલીએ દેવોને જેલના કેદી બનાવ્યા ત્યારે,શ્રી વિષ્ણુએ બલીનો નાશ કરી તેમને બંધનમાંથી મુક્ત કર્યા ત્રીજી દંતકથા મુજબ શ્રી રામે બળવાન રાક્ષસ રાવણનો નાશ કર્યો અને અયોધ્યામાં પાછા ફર્યા ત્યારે, લોકોએ વિજયના હર્ષમાં આવી જઈ રામરાજ્યનું પ્રભાત મનાવ્યું તે દિવાળીની યાદગાર છે. ઉપરોક્ત કથાઓમાં નરકાસુર, બલી, રાવણ એ આસુરી વૃતિ, અસત્ય, અંધકાર, વિકારોના પ્રતિક છે. જે આપણને દુ:ખી કરે છે. જયારે ભગવાન, શ્રી વિષ્ણુ, શ્રી રામ એ દેવી વૃત્તિ, સત્ય, પ્રકાશના પ્રતિક છે, જે આપણને દુ:ખોમાંથી મુક્ત કરી સુખશાંતિ બક્ષે છે. આમ દિપાવલીનું મહાપર્વ એ આસુરી વુંતિ પર દેંવી વૃતિના વિજયની યાદગાર છે. આ પર્વ અસત્ય પર સત્યનો તથા અજ્ઞાનરૂપી અંધકાર પર જ્ઞાનરૂપી પ્રકાશનો વિજય દર્શાવે છે. પ્રવર્તમાન કળીયુગના અંતિમ ચરણમાં ધર્મગ્લાનીના સમયે, સુપ્રીમ લાઈટ અર્થાત નિરાકાર જ્યોતિ સ્વરૂપ પરમાત્મા શિવ સૃષ્ટિ પર અવતરીત થઈને ઈશ્વરીય સત્ય જ્ઞાન દ્વારા સર્વ આત્માઓની જ્યોતી જગાવી, સૌને દુ:ખ અશાન્તીમાંથી

મુક્ત કરી સુખ સમૃદ્ધિ પ્રદાન કરે છે.  આમ દીપ પ્રગટાવી ઉજવાતું દીપાવલીનું પર્વ આત્મ જાગૃતિનું તથા સતયુગના સૂર્યોદયનું નવયુગનું પર્વ છે.

## દિવાળીના પ્રસંગે ઉજવાતી પરંપરાઓ તથા ક્રિયાઓના સાચા રહસ્યો:-

૧ ઘરમાં ખુણે ખુણે સફાઈ કરી કચરો કાઢવાનો અર્થ એ થાય છે આત્મા પર વિકારો, અવગુણો, વ્યસનોનો ચઢેલો કચરો તથા મનનો મેલ બહાર કાઢી દઈ, આત્માની આંતરીક સફાઈ શુદ્ધી કરવી.

૨. દરેક ઘરમાં દીપ પ્રગટાવી રોશની કરવાનો અર્થ એ થાય કે જ્ઞાનદીપક દ્વારા આત્મ જ્યોતિ જગાવવી તથા પરમ જ્યોતિ પરમાત્માના વહાલા બાળકો બની આત્માને દિવ્યગુણોની રોશનીથી શૃંગારવી.

3, વેપારીઓ દ્વારા હિસાબોના ચોપડા સમેટી લઇ નવા ચોપડાનું મુહુર્ત કરવાનો સાચો અર્થ એ થાય કે: આપણી કમી કમજોરીઓ તથા જુઠ પ્રપંચો ભર્યા કર્મોનું પૂરાનું ખાતું ક્લોઝ કરી સમાપ્ત કરીને સુખદાઈ સત્કર્મો, શુભચિંતન સર્વ પ્રત્યે, મંગલમયી કામનાઓનું નવું ખાતું શરુ કરવું.

૪. ઘેર ઘેર દીવાના કોડીયા વહેંચીને દીપદાન કરવાનો એ અર્થ થાય કે સાચા આધ્યાત્મિક જ્ઞાનનું દાન અર્થાત વિતરણ કરીને સૌને પરમ જ્યોતિ પ્રભુ પિતાનો સંદેશ પહોંચાડવો જેથી લોકો અજ્ઞાન નિંદ્રામાંથી જાગે અને સત્ય જ્ઞાનના પ્રકાશ પથ પર ચાલીને નવયુગના પ્રભાતના સર્જનમાં મદદ કરે.

૫. મીઠાઈ ખાવી તથા હળવું મળવુંનો અર્થ છે કે મ્હો દ્વારા મધુર મીઠા બોલ બોલી જૂની વેરભાવનાને ભૂલી જઈ પરસ્પર પ્રેમભાવ પ્રગટાવી ભાઈચારો, નુતનવર્ષાભિનંદનની સાથે શુભકામના પાઠવવી.

## -: ઓમ શાંતિ :-